સામાયિક કસોટી

ધોરણ-7 | સામાજિક વિજ્ઞાન | ઓક્ટોબર,2020

સમય – 1 કલાક | કુલ ગુણ- 25

---

અ.નિ. મંદિરો, કબરો અને મસ્જિદોના ઉદાહરણ દ્વારા વિશિષ્ટ શૈલી અને ટેકનોલોજીથી બંધાયેલા સ્થાપત્યોનું વર્ણન કરે છે.

**પ્રશ્ન – 1(અ) નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને લખો.** (2)

1 દિલ્લી સલ્તનતના આ સમયગાળામાં મસ્જિદ,મકબરા અને રોજા એમ ત્રણ સ્થાપત્યોની પ્રમુખ શૈલી.

A. ઇસ્લામ B. નાગર C. સલ્તનત D. આરબ

2 ભારતના સ્થાપત્ય કલાના વારસાને ગૌરન્વિત કરનાર સ્થાપત્ય.

A. મોઢેરાનું સૂર્યમંદિર B. ઉપરકોટનો કિલ્લો C. તાજમહાલ D. લાલ કિલ્લો

**પ્રશ્ન- 1 (બ) ટૂંકનોંધ લખો:** મુઘલ સ્થાપત્ય કલા **(3)**

અ.નિ. સ્થાનિક સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે તફાવત સમજે છે.

**પ્રશ્ન –2 (અ) તફાવતના ત્રણ-ત્રણ મુદ્દા સમજાવો.** (3)

સ્થાનિક સરકાર અને રાજય સરકાર

પ્રશ્ન-2 (બ) નીચે આપેલ કાર્યો કોણ કરે છે તે જણાવો. (2)

1. વર્તમાન કાયદાઓમાં સુધારા વધારા કરે છે.
2. લાઇટ ,ગટરની સુવિધાઓ પૂરી પાડે છે.

અ.નિ. સમાનતાના અધિકારના સંદર્ભમાં પોતપોતાના ક્ષેત્રમાં સામાજિક, રાજકીય અને આર્થિક મુદ્દાઓનું અર્થઘટન કરે છે.

**પ્રશ્ન –3 (અ) નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર ટૂંકમા આપો.** (3)

1. બાળમજૂરી એ સમાનતાના કયા અધિકારનો ભંગ ગણાય?
2. એક જ સરખા કામમાં પુરુષ અને મહિલાઓને મજૂરી ચૂકવવામાં ભેદભાવ રાખવામાં આવે છે તો એ કયા પ્રકારની અસમાનતા કહેવાય?
3. દરેક સમાજ અને દરેક વ્યક્તિને સમાનતાનો અધિકાર કોના દ્વારા આપવામાં આવ્યો છે ?

પ્રશ્ન-3 (બ) સમાનતા એટલે શું ? કાયદા દ્વારા કઇ કઇ સમાનતાઓ આપવામાં આવેલ છે તે જણાવો. (2)

અ.નિ. પર્યાવરણના વિવિધ ઘટકો અને તેમની વચ્ચેના સંબંધને વર્ણવે છે.

**પ્રશ્ન– 4 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. ઉત્ખનનને કારણે મૃદાવરણ જલાવરણ કઈ રીતે બને છે? (1)
2. જલાવરણ વાતાવરણમાં કઈ રીતે ફેરવાય છે? (1)
3. વિવિધ ભૂમિસ્વરૂપો કઈ રીતે બને છે? સમજાવો. (3)

અ.નિ. પર્યાવરણના પ્રદૂષણ માટે જવાબદાર પરિબળોનુ વિશ્લેષણ કરે છે અને રોકવા માટેના પગલાંઓ જાણે છે.

**પ્રશ્ન – 5 નીચેના જણાવેલ વિકલ્પો પૈકી સાચો વિકલ્પ શોધી લખો.** (5)

1. નીચેનામાંથી હવા પ્રદૂષણ માટે કયું કારણ જવાબદાર નથી?

   A. તાપવિદ્યુત મથકો B. ખનન અને બાંધકામ

   C. જંતુનાશક દવાઓ D. સિંચાઈ

2. ભૂમિનું પ્રદૂષણ રોકવા માટે નીચેનું કયુ વિધાન બંધબેસતું નથી ?

   A. જંતુનાશક દવાનો મર્યાદિત ઉપયોગ

   B. ઘન કચરાનું વર્ગીકરણ કરી તેનો પુન:ઉપયોગ

   C.ખેતીમાં ટપક અને ફુવારા સિંચાઈ પદ્ધત્તિનો ઉપયોગ.

   D. સામાજીક પ્રસંગો,ઉત્સવો કે અન્ય પ્રસંગોમાં ઘોંઘાટ ટાળવો.

3. કયા પ્રદુષણથી માણસમાં ચીડિયાપણું આવે છે?

   A. ભૂમિ પ્રદુષણ B.ધ્વનિ પ્રદુષણ

   C.હવા પ્રદુષણ D. જળ પ્રદુષણ

4. વિવિધ ભૂમિ સ્વરુપોની રચના માટે નીચે પૈકી કયું પરિબળ જવાબદાર નથી ?

   A. પાણીનું બાષ્પીભવન થવું B. ભેજના કારણે વાદળો બંધાવા

   C. વરસાદનું પાણી વહેવાથી D. જળ પ્રદૂષણથી.

5. “ત્સુનામી” જેવા શક્તિશાળી વિનાશક મોજાં ઉત્પન્ન કરવામાં કઈ પ્રક્રિયા જવાબદાર નથી?

   A. જ્વાળામુખી B. ભુકંપ

   C. ભુસ્ખલન D.દાવાનળ